નં. "મા" યોજના/ નવી બાબતની માર્ગદર્શિકા બાબત/ ૨૦૧૮. અ.નં. ૯૭૭

કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (પ.ક.), બ્લોક નં.૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

તા-૧૨-૦૩-૨૦૧૯

ડો. એન. બી. ધોળકીયા
અધિક નિયામક (તબીબી સેવાઓ)

**વિષય:** - મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત વધારેલ વ્યાપને અમલી કરવાની માર્ગદર્શન સૂચિકા બાબત.

**સંદર્ભ:** -

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૮/૦૨/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ ૧૦૨૦૧૨/૪૭૧બ-પા-૧-બ-૧ સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ.

**પરિપત્ર :-**

ગુજરાત સરકારે ગરીબ રેખા હેઠળ જીવતા અને મધ્યમ વર્ગનાં પરિવારોને આર્થિક રીતે ખર્ચાળ એવા ગંભીર રોગોમાં કેશલેસ સારવાર મળી રહે તે હેતુથી "મા" અને "મા-વાત્સલ્ય" યોજના અમલી કરેલ છે.

વર્ષ ૨૦૧૮ માં ભારત સરકાર દ્વારા આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અમલી કરેલ. જે હેઠળ ગ્રામ્ય વિસ્તારો તેમજ શહેરી વિસ્તારો માટે નિયત માપદંડો ધરાવતા સામજિક, આર્થિક અને જાતિ આધારિત સર્વેક્ષણ ૨૦૧૧ની યાદીમાં સમાવિષ્ટ પરિવારોને કુટુંબ દીઠ વાર્ષિક રૂ. ૫ (પાંચ) લાખ સુધીનું આરોગ્ય કવચ પુરુ પાડવામાં આવે છે.

સંદર્ભ પત્ર (૧) અન્વયે, ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ/ ૧૦૨૦૧૨/ ૪૭૧/ બ.૧ સચિવાલય, ગાંધીનગરના તા.૨૮/૦૨/૨૦૧૯ મુજબ "મા" અને "મા-વાત્સલ્ય" યોજના હેઠળ

યોજનાનો વ્યાપ વધારી આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં મળતા તમામ પ્રકારનાં લાભ તેમજ "મા-વાત્સલ્ય" યોજના હેઠળ આવક મર્યાદામાં વધારો કરવાનું નક્કી થયેલ છે. જે અંતર્ગત લાભ આપવા માટેની માર્ગદર્શક સુચનાઓ નીચે મુજબ રહેશે.

અમલીકરણ માટેની સુચનાઓ : -

1. યોજના અંતર્ગત સોફ્ટવેરમાં "મા વાત્સલ્ય" યોજના હેઠળની આવક મર્યાદા રૂ. ૩.00 લાખ થી વધારી રૂ. ૪.00 લાખ (અંકે ચાર લાખ પુરા) કે તેથી ઓછી પારિવારિક વાર્ષિક આવક કરવાની રહેશે.

   (અમલવારી – એન. કોડ સોલ્યુશન-આઇ.ટી. સપોર્ટ એજન્સી)

2. "મા" અને "મા-વાત્સલ્ય" યોજનાનાં તમામ લાભાર્થી પરિવારોને આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો લાભ મળી રહે તે માટે "મા" અને પી.એમ.જે.એ.વાય. ની તમામ હોસ્પિટલોમાં IEC પ્રવૃતિ કરવાની રહેશે. તેમજ તા. ૦૧/૦૩/૨૦૧૯ થી લાયક લાભાર્થીઓને યોજનાનો લાભ આપવામાં આવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

   (અમલવારી – જિલ્લા આરોગ્ય તંત્ર, ઇમ્પ્લીમેન્ટેશન સપોર્ટ એજન્સી, ઓરિએન્ટલ ઇન્શ્યોરન્સ કંપની અને તેમના ટી.પી.એ.)

3. "મા" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળ લાભાર્થીઓને આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો લાભ મળી રહે તે માટે તાત્કાલીક સોફ્ટવેર કાર્યરત કરવાનું રહેશે. જે અંગે યોજના હેઠળ જોડાયેલ તમામ હોસ્પિટલોમાં સોફ્ટવેર કાર્યરત કરવાની કામગીરી કરવાની રહેશે.

   (અમલવારી – જિલ્લા આરોગ્ય તંત્ર, ઇમ્પ્લીમેન્ટેશન સપોર્ટ એજન્સી, ઓરિએન્ટલ ઇન્શ્યોરન્સ કંપની અને તેમના ટી.પી.એ., એન. કોડ સોલ્યુશન-આઇ.ટી. સપોર્ટ એજન્સી)

4. "મા" / "મા વાત્સલ્ય" યોજના અને આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ જોડાયેલ તમામ હોસ્પિટલો સાથે સપ્લીમેન્ટરી એમ.ઓ.યુ. કરવાનું રહેશે.

(અમલવારી – ઇમ્પ્લીમેન્ટેશન સપોર્ટ એજન્સી, ઓરિએન્ટલ ઇન્શ્યોરન્સ કંપની અને તેમના ટી.પી.એ.)

5. યોજના હેઠળ લાભાર્થીઓને હોસ્પિટલ ખાતે સારવાર હેતુ આવવા- જવાના ભાડા પેટે રૂ. ૩૦૦/- મળવાપાત્ર રહેશે.

(અમલવારી – તમામ સ્ટેકહોલ્ડર્સ)

6. ભારત સરકારને આપવાપાત્ર માહિતી API થકી વેબ સર્વિસ બનાવી નિયમિત પાઠવી આપવાની રહેશે.

(અમલવારી – એન. કોડ સોલ્યુશન-આઇ.ટી. સપોર્ટ એજન્સી)

7. યોજના હેઠળ ફરિયાદ નિવારણ હેતું રાજ્ય કક્ષાએ રાજ્ય ફરિયાદ નિવારણ સમિતિ તેમજ જિલ્લા કક્ષાએ જિલ્લા ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવામાં આવેલ છે. જેમાં કોઇ પણ લાભાર્થી કે હોસ્પિટલ દ્વારા નોંધાયેલ ફરિયાદનું નિવારણ કરવામાં આવશે.

(અમલવારી – સ્ટેટ હેલ્થ એજન્સી, જિલ્લા આરોગ્ય તંત્ર)

<u>હોસ્પિટલ એમ્પેનલમેન્ટ માટેની સુચનાઓ : -</u>

8. હોસ્પિટલે સૌ પ્રથમ ઓનલાઇન "મા" યોજનાની વેબસાઇટ www.magujarat.com પર "Application for hospital empanelment" માં રજીસ્ટ્રેશન કરી હોસ્પિટલની તમામ વિગતો ભરી સબમિટ કરવાની રહેશે.

9. પ્રાથમિક અને સેકન્ડરી સારવાર માટેની હોસ્પિટલો સંલગ્ન કરવાની પ્રક્રિયા : -

- રજીસ્ટર થયેલ હોસ્પિટલો જો યોજનાના માપદંડો મુજબ લાયકાત ધરાવતી હોય તો તેની જિલ્લા કક્ષાએથી ચકાસણી થઇ રાજ્ય કક્ષાએ આવશે અને તે હોસ્પિટલને તેમને સીલેક્ટ કરેલ પેકેજ માટે ઓનલાઇન એપ્રુવ કરી સંલગ્ન કરવામાં આવશે.

(અમલવારી – સ્ટેટ હેલ્થ એજન્સી, જિલ્લા આરોગ્ય તંત્ર)

10. ટર્શરી સારવાર માટેની હોસ્પિટલો સંલગ્ન કરવાની પ્રક્રિયા : -

- રજીસ્ટર થયેલ હોસ્પિટલો જો યોજનાના માપદંડો મુજબ લાયકાત ધરાવતી હોય તો તેની ઇમ્પ્લીમેન્ટેશન સપોર્ટ એજન્સી કક્ષાએથી ચકાસણી થઇ રાજ્ય કક્ષાએ આવશે. જે તે હોસ્પિટલને સીલેક્ટ કરેલ પેકેજ માટે ચકાસણી કર્યા બાદ હોસ્પિટલ ઇન્સ્પેક્સન કમિટિ દ્વારા હોસ્પિટલની વિઝિટ કરી તેને સંલગ્ન કરવામાં આવશે.

(અમલવારી – સ્ટેટ હેલ્થ એજન્સી, જિલ્લા આરોગ્ય તંત્ર અને ઇમ્પ્લીમેન્ટેશન સપોર્ટ એજન્સી)

<u>લાભાર્થીઓને કાર્ડ કાઢી આપવા માટેની સુચનાઓ : -</u>

11. હાલની "મા"/ "મા વાત્સલ્ય" અને પી.એમ.જે.એ.વાય. હેઠળ કાર્યરત કાર્ડ કઢાવવા માટેની પ્રક્રિયા હાલના સમય પૂરતી યથાવત રહેશે.

<u>ક્લેઇમ પ્રોસેસ માટેની સુચનાઓ : -</u>

12. "મા" યોજનાની હાલની પ્રિ-ઓથોરાઇઝેશન અને ક્લેઇમની પ્રક્રિયા યથાવત રહેશે.

13. ઇમ્પ્લીમેન્ટેશન સપોર્ટ એજન્સી અને ઓરિએન્ટલ ઇન્શ્યોરન્સ કંપની દ્વારા કોઇ પણ પ્રિ-ઓથોરાઇઝેશનની પ્રોસેસ કરવાની સમય મર્યાદા છ (૬) કલાકની રહેશે. ઇમરજન્સી કેસમાં ટેલીફોનિક એપ્રુવલની વ્યવસ્થા ઉપલબ્ધ કરવાની રહેશે.

14. જે કિસ્સામાં વાર્ષિક રૂ. ૫.૦૦ લાખની લાભની મર્યાદા પૂર્ણ થઇ જાય તો તેવા કિસ્સામાં વધારાનો ખર્ચ લાભાર્થીએ પોતે ભોગવવાનો રહેશે.

15. રિજેક્ટેડ પ્રિ-ઓથોરાઇઝેશન / ક્લેઇમને વખતો – વખત રિવ્યુ કરવામાં આવશે. તેમજ ત્યાર બાદ સ્ટેટ હેલ્થ એજન્સી દ્વારા લેવાયેલ નિર્ણય અંતિમ નિર્ણય ગણવામાં આવશે.

16. પ્રિ-ઓથોરાઇઝેશન / ક્લેઇમમાં જ્યારે ટેકનીકલ માર્ગદર્શનની જરૂરિયાત જણાય ત્યારે ટેકનીકલ એડવાઇઝરી કમિટિનું માર્ગદર્શન લેવામાં આવશે.

(અમલવારી – ઇમ્પ્લીમેન્ટેશન સપોર્ટ એજન્સી, ઓરિએન્ટલ ઇન્શ્યોરન્સ કંપની અને તેમના ટી.પી.એ.)

આમ, ઉક્ત દર્શાવેલ સૂચનાઓ અનુસાર "મા" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓને જોડાયેલ હોસ્પિટલોમાં નિયત પ્રોસિજરો માટે રૂ. ૫ (પાંચ) લાખ સુધીની કેશલેસ સારવારનો લાભ આપવાનો રહેશે. જે ધ્યાને લેવા વિનંતી.

નોંધ: - કમિશ્નરશ્રી (આરોગ્ય) ની તા. /૦૩/૨૦૧૯ ના રોજ મળેલ મંજુરી અન્વયે.

M.B. Dudhalia

અધિક નિયામક (ત.સે.)
આરોગ્ય તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ (આ.વિ)
ગાંધીનગર.

પ્રતિ,

- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી – તમામ – જાણ તથા અમલવારી સારૂ...

- મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી – તમામ – જાણ તથા અમલવારી સારૂ...
- મ્યુનિસિપલ હેલ્થ ઓફિસરશ્રી – તમામ – જાણ તથા અમલવારી સારૂ...

નકલ સવિનય રવાનાઃ-

- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી – તમામ.
- કલેકટરશ્રી- તમામ.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી – તમામ.
- વિભાગીય નાયબ નિયામકશ્રી, - તમામ.

નકલ રવાનાઃ-

- અધિક નિયામકશ્રી, જા.આ., પ.ક., ત.શિ.
- પ્રોજેક્ટ હેડ, એમ. ડી. ઇન્ડીયા હેલ્થકેર નેટવર્ક્સ, ઇન્ફોસીટી, ગાંધીનગર.
- મેનેજર, એન. કોડ. સોલ્યુશન્સ, એ. ડિવિઝન ઓફ જી.એન.એફ.સી., ગીફ્ટ સીટી, ગાંધીનગર.
- તમામ નેટવર્ક હોસ્પિટલો.